જે નકામી બાબતો જલ્દી ભૂલી જાય છે એની સ્મરણ શક્તિ સારી
- બાયરન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૬૩ | ૨૩ ઓગષ્ટ ૨૦૧૨, ગુરૂવાર, અધિક ભાદરવા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં સજ્જડ બેંક હડતાલ

## નગરની ૨૩ બેંકોના સાડા પાંચસોથી વધુ કર્મચારીઓ હડતાલમાં જોડાયા

ગાંધીનગર, તા.૨૨

જાહેર ક્ષેત્રની બેંકોની બે દિવસીય હડતાલને ગાંધીનગરમાં સજ્જડ પ્રતિસાદ મળ્યો છે. શહેરમાં આવેલી જુદી જુદી બેંકોની ૨૩ શાખાઓના સાડા પાંચસો જેટલા કર્મચારીઓ હડતાલમાં જોડાતા કરોડોનો નાણાંકીય વ્યવહાર ખોરવાયો હતો.

દેશભરમાં બેંક યુનિયન દ્વારા જાહેર કરાયેલી હડતાલનો પડઘો પડયો છે. વર્ગ-૧થી લઈને વર્ગ-૪ના તમામ કર્મચારીઓ હડતાલમાં જોડાતા બેંકોનું તમામ કામકાજ ખોરવાયું હતું. બેંક સુધારા ખરડો, બેંક કામગીરીનું આઉટસોર્સીંગ, કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી, લાખો ખાલી જગ્યાઓ ભરવા સહિતની અનેકવિધ માગણીઓના સ્વીકાર માટે સરકાર પર દબાણ લાવવા માટે બેંકના કર્મચારીઓ બે દિવસની હડતાલ પર ઉતર્યા છે. જેમાં ગાંધીનગરની બેંકોના કર્મચારીઓ પણ જોડાયા હતા. ગાંધીનગર રાજયનું પાટનગર હોવાથી સરકારના નાણાંકીય કામો અહીં જ થાય છે. સરકારના નાણાંકીય વ્યવહારો સંભાળતા સ્ટેટ બેંકના તમામ કર્મચારીઓ હડતાલમાં જોડાતા એસબીઆઈની તમામ શાખાઓ બંધ રહી હતી. પરિણામે સરકારના નાણાંકીય વ્યવહારો ખોરવાયા હતા.

જાહેર ક્ષેત્રની બેંકોની ૨૩ શાખાઓ ગાંધીનગરમાં કાર્યરત છે. તેના તમામ કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા. સ્ટેટ બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના ડેપ્યુટી જનરલ સેક્રેટરી કિરીટ સોનીએ પ્રતિભાવ આપતા જણાવ્યું છે કે બેંકના કર્મચારીઓને અન્યાયી એવા બેંકીંગ સુધારા સહિતની કેટલીક વાજબી માગણીઓ માટે ગાંધીનગરના કર્મચારીઓ દેશવ્યાપી હડતાલમાં જોડાયા છે. બધા જ કર્મચારીઓનો સંપૂર્ણ સહયોગ મળતા હડતાલ સફળ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો

## મેલેરિયાના ૮ કેસ મળ્યા : ડેન્ગ્યુ જેવાં લક્ષણો ધરાવતા ૩ કેસ મળ્યા : વાહકજન્ય રોગચાળાએ માથું ઉંચકતા તંત્રની દોડધામ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વાહકજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા આરોગ્ય તંત્રની દોડધામ વધી જવા પામી છે. ગાંધીનગર શહેરમાં મેલેરિયાના ૮ કેસ એક જ દિવસમાં ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં નોંધાયા છે આ ઉપરાંત છેલ્લા ત્રણ દિવસ દરમિયાન એન.એફ.૧ સ્ટેજ ધરાવતા ત્રણ દર્દીઓ પણ સિવીલમાં નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે સે-૮, સે-૩૦ અને હડમતિયાના આ ત્રણેય રહીશો છે અને તેમને ડેનગ્યુ હોવાનું કલીનીકલી મનાઈ રહ્યું છે. બીજી તરફ ગાંધીનગર શહેરના સે-૮ અને ૯માંથી પણ મોટી સંખ્યામાં મચ્છરોના લારવાઓ અને બ્રિડીંગ મળ્યા હોવાથી તંત્રની કામગીરીમાં ભારે વધારો થવા પામ્યો છે.

એક ઉચ્ચ અધિકારીના પત્નીને પણ ડેનગ્યુ પોઝીટીવના લક્ષણો જણાતાં ગાંધીનગર નજીકની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા હવે તેમની તબિયત સારી હોવાના હેવાલો છે.

ગાંધીનગર શહેરમાં મેલેરિયા, ડેનગ્યુ તથા ઝેરી મેલેરિયાના કેસોમાં આ વર્ષે ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેરની ચારે બાજુ ચાલી રહેલી બાંધકામ પ્રવૃત્તિમાં રોકાયેલા મજૂરો મોટી સંખ્યામાં આ રોગના ભોગ બન્યા હોવાનું પણ બહાર આવ્યું છે.

શહેરમાં આજે ઝેરી મેલેરિયાનો પણ એક કેસ મળ્યો હોવાનું બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્ર દ્વારા બાંધકામ સાઈટો પર જે એજન્સીઓ દ્વારા કામ ચાલી રહ્યા છે તેમને નોટીસો પણ આપવામાં આવી છે. ગાંધીનગરમાં હાલ મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ હોવાથી આગામી દિવસોમાં પરિસ્થિતિ વણસે તેવું પણ બની શકે તેવી શકયતાઓ નકારી શકાતી નથી. જો કે તંત્ર દ્વારા ફોગીંગ તેમજ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવી રહી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



# અંબાજીમાં ગમખ્વાર અકસ્માત

# ૧૮નાં મોત અને ૫૦ ઘાયલ

## દર્શન કરી પરત ફરતાં દર્શનાર્થીઓને નડ્યો : ટ્રેક્ટર પલ્ટી ખાતા પર્વતોની ઊંડી ખાઈમાં ટ્રેક્ટર ગબડી પડ્યું : ઘાયલોને પાલનપુર ખસેડાયા

પાલનપુર, તા. ૨૨

પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે આજે મા ના દર્શન કરી ગબ્બર ઉપર દર્શન કરી પરત ફરતાં ટ્રેક્ટરમાં બેઠેલ દર્શનાર્થીઓ ગમખ્વાર અકસ્માતનો ભોગ બનતા ૧૫ દર્શનાર્થીઓના ઘટના સ્થળે કરૂણ મૃત્યુ થયા હતા.

આ અંગે પ્રાપ્ત થતાં અહેવાલોનુસાર આજે પાટણ તાલુકાના અઝુઝા ગામના ઠાકોર જ્ઞાતિના લોકો આજે અંબાજી દર્શન કરી ગબ્બર ઉપર દર્શન કરી સાંજે પરત ફરી રહ્યા હતા ત્યારે ટ્રેક્ટર નં. જીજે-૮-૬૬૯૮ના ચાલકે બાલારામ (વિરમપુર) રોડ ઉપર ઢોળાવમાં અચાનક પલ્ટી ખાતા ઊંડી પર્વતોની ખાઈમાં પડ્યા હતા. ટ્રેક્ટર ટ્રોલીમાં બેઠેલા ખીચોખીચ દર્શનાર્થીઓમાં ૧૧ના ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ થયા હતા. જ્યારે ઘાયલોને તાકીદે ૧૦૮ અને અન્ય વાહનો મારફતે રેફરલ હોસ્પિટલમાં અન્ય ચારના મોત થયા હતા. જ્યારે સારવાર દરમ્યાન પાલનપુર ખાતે વધુ ત્રણનાં મોત થતાં મૃત્યુઆંક ૧૮ પર પહોંચ્યો હતો. અકસ્માતમાં ૫૦થી વધુ ઘાયલ થયા છે.

ઘાયલોને વધુ સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવાયા છે. અકસ્માતની જાણ થતાં અંબાજી પો.ઈન્સ. પરમાર, ડીવાયએસપી યુ.આર. ઠાકોર, વહીવટદાર મહેશ જોષી, મંદિરનો સ્ટાફ તથા ધર્મપ્રેમી પ્રજા અને સ્થાનિક નગરજનો ખાનગી તબીબો-રેફરલ સ્ટાફ તાકીદે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ ઘટનાથી સમગ્ર અંબાજી સહીત રાજયભરમાં અને પાટણના અઝુઝા ગામમાં શોકની કાલીમા પ્રસરી ગઈ હતી.

દરમ્યાન પાલનપુર સારવાર અર્થે ખસેડાયેલા ૫૩ ઈજાગ્રસ્તોમાં વધુ ૩ પુરૂષના મૃત્યુ થયાનું સિવિલના સૂત્રોએ જણાવ્યું હતું. પાલનપુર સિવિલમાં આ અકસ્માતમાં ઘવાયેલાઓમાં વધુ પાંચની હાલત ગંભીર જણાઈ રહી છે. કુલ મૃતાંક ૧૮ ઉપર પહોંચ્યો છે. પાલનપુર સિવિલમાં તમામ સ્ટાફને ફરજ પર ત્વરીત લગાડાયો છે. રજા પર અને નોકરી પુરી થયેલને પાછા પરત બોલાવાયા છે. આ અકસ્માતની ઘટનાથી સમગ્ર પંથકમાં શોકની કાલીમા પ્રસરી ગયેલ છે.

# ગ્રામીણ પરિવારોને ૧૦૦ વારનો પ્લોટ અને એક લાખની કિંમતના ઘર માટે કોંગ્રેસનું વચન

## શહેરી વિસ્તારમાં ઘરના ઘરની યોજના પછી કોંગ્રેસની નવી યોજના જાહેર : રાજ્ય સરકાર પંદર વર્ષના સરળ હપ્તેથી લોનની વ્યવસ્થા પણ કરશે

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર,તા.૨૨

ગુજરાત કોંગ્રેસના એક પછી એક વચનોથી ભાજપના નેતાઓની ઊંઘ હરામ બની છે. મહિલાઓને ઘરનું ઘર યોજના પછી કોંગ્રેસના પ્રદેશ નેતાઓએ ઘર વિહોણા પરિવારો અને મહિલાઓના નામે ૧૦૦ વારના પ્લોટ અને એક લાખની કિંમતના ૩૦ ચોરસ મીટરના ઘરની યોજના જાહેર કરી છે. આ યોજના થકી ૧૫ લાખ પ્લોટ અપાશે અને ૧૫ લાખ ઘર બંધાશે.

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે આ યોજનામાં ૧૫ વર્ષના સરળ હપ્તેથી લોનની વ્યવસ્થા પણ કરી આપવામાં આવશે. તેઓએ કહ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો કોઈપણ પરિવાર ઘર વિનાનો રહેશે નહીં.

આ બન્ને નેતાઓએ એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપની સરકારે ૧૦ વર્ષમાં ઉદ્યોગગૃહોને ૧૦૫ કરોડ ચોરસ મીટર જમીન પાણીના ભાવે આપી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં ભૂમિહિનો માટે મફત એવી ૧૦૦ વારના પ્લોટની યોજના બંધ કરી છે. આજે ગામડાઓમાં ૧૯ લાખ પરિવારો કાચી ઈંટોના, ૩૧ લાખ પરિવારો એક રૂમના તેમજ ૩.૩૨ લાખ પરિવારો ભાડાના ઘરમાં રહે છે. ભાજપે આ પરિવારોને ભગવાનના ભરોસે છોડી દીધાં છે, કોંગ્રેસ તેમનો હાથ પકડશે.

કોંગ્રેસના સિનિયર નેતા શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે આ યોજના બીપીએલ પરિવારો સિવાયની યોજના છે. ગામડામાં ખેત મજૂરો, કારીગરો તેમજ ભૂમિહિનોને તેનો લાભ મળશે.

કોંગ્રેસે ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પરિવારો માટે આ યોજનાની જાહેરાત કરી છે. આ અગાઉ કોંગ્રેસે શહેરી વિસ્તારમાં ઘરનું ઘર આપવાની જાહેરાત કરી છે જેમાં ૫૦ લાખ કરતાં વધારે ફોર્મનું વિતરણ થયું છે.

ગુજરાત વસતી ગણતરીના આંકડા પ્રમાણે ઘરનું ઘર ન હોય તેવા પરિવારોની સંખ્યા ૧૮.૮૦ લાખ છે. આ લોકોના જીવનધોરણ ઉંચા લાવવા માટે કોંગ્રેસે તેની યોજનાઓ બનાવી છે.

# આજથી જિલ્લામાં વણથંભી વિકાસયાત્રા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આજથી ત્રિદિવસીય વણથંભી વિકાસ યાત્રા કલોલ, દહેગામ અને માણસા ખાતે આરંભાશે. કલોલમાં રાજ્યમંત્રી શ્રી સૌરભ પટેલ ભોયણ મોટી ગામેથી આ યાત્રાનો આરંભ કરશે. જ્યારે દહેગામ તાલુકામાં ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર તથા માણસામાં ખાદી બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ આ યાત્રામાં જોડાશે.

૨૩મીના રોજથી આરંભાઈ રહેલ આ વણથંભી વિકાસયાત્રાના કાર્યક્રમો દરમ્યાન એમ્પાવર્ડની તાલીમ લીધેલા ૧૦૦ જેટલા યુવાનોને પ્રમાણપત્ર પણ આપવામાં આવનાર છે.

આ યાત્રા દરમ્યાન ૨૫મીએ સવારે માણસા ગાયત્રી મંદિર ખાતે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ત્રણ હજાર જેટલા લાભાર્થીઓને રૂ. ૮ કરોડથી વધુની સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવનાર છે.

વણથંભી વિકાસયાત્રાના પ્રથમ તબક્કામાં ૪૬ જેટલી તાલુકા પંચાયતોની સીટો આવરી લેવામાં આવશે. જેમાં ૯૮ જેટલા લોકાર્પણ અને ખાતમુહૂર્તના કામોને આવરી લેવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ ૨૫મીએ સવારે માણસા ખાતે યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં મુખ્ય સ્ટેજ ઉપરાંત ૬ નાના સ્ટેજ બનાવી અને સહાયનું વિતરણ કરવા માટેનું આયોજન પણ તંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યું છે. આ મેળામાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સવારે ૯.૩૦ કલાકે ઉપસ્થિત લાભાર્થીઓને બાયસેગની મદદથી સંબોધિત કરનાર છે.

રાજ્ય સરકાર દ્વારા બીજા તબક્કાના આ ગરીબ કલ્યાણ મેળાઓ પ્રાંતવાર યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યારે વણથંભી વિકાસયાત્રા દરમ્યાન વિકાસના કામોનો હિસાબ-કિતાબ જે તે ગામોના કાર્યક્રમો દરમ્યાન રજુ કરવામાં આવશે.





ફક્ત - ૧૮ રૂપિયામાં
ISI મીનરલ વોટર
૨૦ લીટર, ઘર અને ઓફીસ માટે, હોમ ડીલીવરી-ગાંધીનગર માટે
સેક્ટર-૧થી ૩૦ માટે જ
સંપર્ક કરો : ૯૭૨૩૩૮૩૧૦૮

સેલ્સમેન જોઈએ છે
ગાંધીનગર માટે
સંપર્ક : ૯૭૨૩૩૮૩૧૦૮

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬